www.lokpatrika.in તંત્રી : અવેશ માલવિયા > સ્થાપના ૨૦૧૦ > વર્ષ : ૦૪, અંક : ૭૭ > વિક્રમ સંવત ૨૦૮૧ : આસો વદ ૧૨ > પાના - ૦૮ | કિંમત : ૪ > અમદાવાદ (ગુજરાત)

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

# લોક પત્રિકા




## 19 નવા ચહેરાનો સમાવેશ

# ૧૦ મંત્રીઓના પત્તા કાપી દેવાયા

## ૨૬ મંત્રીઓ સાથેનું ગુજરાતનું નવું મંત્રીમંડળ

18 OCT - 2025 SATURDAY LOK PATRIKA

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 77 • Dt.18-10-2025 Saturday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad - 380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

**રાજ્યમાં શપથવિધિ** હર્ષ સંઘવીએ નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા | રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા | સોગંદ વિધી સમારંભમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા કેન્દ્રિય મંત્રી સી. આર. પાટીલ, ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા ઉપરાંત ભાજપના હોદ્દેદારો સાધુ સંતો અને ગણ માન્ય લોકો પણ ઉપસ્થિત રહ્યા હતા

# મુખ્યમંત્રીની નવી કેબિનેટમાં ૬ મંત્રીઓને રિપીટ કરવામાં આવ્યા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળના વિસ્તરણમાં પદનામિત મંત્રીઓની શપથવિધિ આજે શુક્રવારે તારીખ ૧૭ ઓક્ટોબરે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે યોજાઈ હતી | રિપીટ મંત્રીઓને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નવા મંત્રીઓને જગદીશ વિશ્વકર્માએ ફોન કરીને જાણ કરી હતી | નવા મંત્રીમંડળમાં મુખ્યમંત્રી સહિત ૮ પાટીદાર, ૮ ઓબીસી, ૩ એસસી અને ૪ એસટીનો સમાવેશ કરાયો | જેમાં ૩ મહિલા પણ શપથ લેશે

| લોક પત્રિકા ટીમ, ગાંધીનગર, તા.૧૭ |

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળના વિસ્તરણમાં પદનામિત મંત્રીઓની શપથવિધિ આજે શુક્રવારે તારીખ ૧૭ ઓક્ટોબરે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે યોજાઈ હતી. જેમાં રાજ્યને ફરી એક વખત નાયબ મુખ્યમંત્રી મળ્યા છે. હર્ષ સંઘવીએ નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. રાજ્યપાલઆચાર્યદેવવ્રતપદઅનેગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા. સોગંદ વિધી સમારંભમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા કેન્દ્રિય મંત્રી સી. આર. પાટીલ, ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા ઉપરાંત ભાજપના હોદ્દેદારો સાધુ સંતો અને ગણ માન્ય લોકો પણ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીમંડળમાં ૬ મંત્રીઓને રિપીટ કરવામાં આવ્યા છે. પરંતું ૧૦ મંત્રીઓના પત્તા કાપી દેવાયા છે. મુખ્યમંત્રીની નવી કેબિનેટમાં ૧૯ નવા ચહેરાનો સમાવેશ કરવામાં આવ્યો છે. રિપીટ મંત્રીઓને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નવા મંત્રીઓને જગદીશ વિશ્વકર્માએ ફોન કરીને જાણ કરી હતી. નવા મંત્રીમંડળમાં મુખ્યમંત્રી સહિત ૮ પાટીદાર, ૮ ઓબીસી, ૩ એસસી અને ૪ એસટીનો સમાવેશ કરાયો છે. જેમાં ૩ મહિલા પણ શપથ લેશે. હર્ષ સંઘવી ગુજરાતના સૌથી યુવા નાયબ મુખ્યમંત્રી બન્યા છે. તેમને પ્રમોટ કરીને ભાજપ યુવા નેતૃત્વને આગળ લાવવા અને યુવાનોમાં સારો સંદેશ પહોંચાડવા માંગે છે. તેઓ સુરતની મજૂરા બેઠકથી સતત ત્રણ વખત ધારાસભ્ય બન્યા છે.

## ભૂપેન્દ્ર પટેલની નવી ટીમમાં સૌથી યુવા મંત્રી જામનગર ઉત્તરના ધારાસભ્ય રીવાબા જાડેજા

ભૂપેન્દ્ર પટેલની નવી ટીમમાં સૌથી યુવા મંત્રી જામનગર ઉત્તરના ધારાસભ્ય અને ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના પત્ની રીવાબા જાડેજા છે. તેમની ઉંમર ૩૪ વર્ષ છે અને તેમણે રાજ્યકક્ષાના મંત્રી તરીકે શપથ લીધા છે. ભૂપેન્દ્ર પટેલની નવી ટીમમાં સૌથી વધુ ઉંમરના મંત્રી પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ છે. તેમની ઉંમર ૭૪ વર્ષ છે. તેઓ દાદાની સરકારમાં નાણામંત્રી તરીકેની જવાબદારી નીભાવતા હતા. જ્યારે ફરી તેમને કેબિનેટ કક્ષાના મંત્રી તરીકે રિપીટ કરાયા છે. ગુજરાતના રાજકારણમાં હર્ષ સંઘવીનું નામ ચર્ચાના કેન્દ્રમાં રહ્યું છે. હર્ષ સંઘવીને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે હર્ષ સંઘવી છેલ્લી ૩ ટર્મ એટલે કે લગભગ ૧૫ વર્ષોથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈને આવી રહ્યા છે. ૨૦૨૧થી તેઓ ભૂપેન્દ્ર પટેલની સરકારમાં ગૃહરાજ્યમંત્રી તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે. આ દરમિયાન તેઓએ જે કાર્યશૈલી અપનાવી છે, તે સ્પષ્ટ સંકેત આપે છે કે ગુજરાતના શાસન માટે તેઓ એક સશક્ત અને યોગ્ય વિકલ્પ છે. સુરત અને દક્ષિણ ગુજરાતમાં તેમનો પ્રભાવ સારો છે, જે વિસ્તાર ભાજપ માટે મહત્ત્વપૂર્ણ છે.

### ભૂપેન્દ્ર પટેલની નવી ટીમમાં સૌથી વધુ ઉંમરના મંત્રી પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ

હવે મુખ્યમંત્રી સહિત ૨૬ મંત્રીઓ સાથેનું ગુજરાતનું નવું મંત્રીમંડળ જોઈએ તો ભુપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી,ત્રિકમ છાંગા, અંજાર કચ્છ,સ્વરૂપજી ઠાકોર, વાવ,પ્રવીણકુમાર માળી, ડીસા,ઋષિકેષ પટેલ, વીસનગર,પી.સી. બરંડા, ભિલોડા (એસટી),દર્શના વાઘેલા, અસારવા ધારાસભ્ય અમદાવાદ (એસસી) ,કાંતિ અમૃતિયા, મોરબી,કુંવરજી બાવળિયા, જસદણ (રિપીટ),અર્જુન મોઢવાડિયા, પોરબંદર,રીબાવા જાડેજા, જામનગર ઉત્તર ,ડો.પ્રદ્યુમન વાજા, કોડીનાર ધારાભ્ય (એસસી) ,કૌશિક વેંકરિયા, અમરેલી ધારાસભ્ય,પરસોત્તમ સોલંકી, ભાવનગર ગ્રામ્ય (રિપીટી) ,જીતુ વાઘાણી, ભાવનગર પશ્ચિમ,રમણભાઈ સોલંકી, બોરસદ ,કમલેશ પટેલ, પેટલાદ આણંદ,સંજયસિંહ મહીડા, મહુધા ,રમેશ કટારા, ફતેપુરા વિધાનસભા (એસટી) ,મનીષા વકીલ, વડોદરા શહેર (એસસી) ,ઈશ્વરસિંહ પટેલ, અંકલેશ્વર,પ્રફુલ પાનસેરિયા, કામરેજ,હર્ષ સંઘવી, મજુરા ,જયરામ ગામીત, નિઝર બેઠક (એસટી) ,નરેશ પટેલ, ગણદેવીના (એસટી) ,કનુ દેસાઈ, પારડી નો સમાવેશ થાય છે જયારે જે મંત્રીઓના પત્તા કપાયા છે તેમાં બળવંતસિંહ રાજપૂત, રાઘવજી પટેલ, ભાનુબેન બાબરિયા, મૂળુ બેરા, કુબેર ડિંડોર, જગદીશ વિશ્વકર્મા, મુકેશ પટેલ, ભીખુસિંહ પરમાર, બચુ ખાબડ, કુંવરજી હળપતિ સામેલ છે જયારે જે મંત્રીઓને રિપીટ કરાયા છે તેમાં હર્ષ સંઘવી, કનુ દેસાઈ, ઋષિકેશ પટેલ, કુંવરજી બાવળિયા, પ્રફુલ પાનશેરિયા, પરસોત્તમ સોલંકીનો સમાવેશ થાય છે.





ફોટો : મોહિત પંજાબી



# ભાજપના અનેક ધારાસભ્યો એવા હતા, જેઓ લીલી પેનથી સહી કરવાના સપના જોઈને બેસ્યા હતા

ભાજપના અનેક ધારાસભ્યો એવા હતા, જેઓ લીલી પેનથી સહી કરવાના સપના જોઈને બેસ્યા હતા. જેમાં સૌથી પહેલું નામ સૌરાષ્ટ્રના કદાવર પાટીદાર નેતા જયેશ રાદડિયા છે. જેમની ફુલ હવા હતી અને લિસ્ટમા નામ ન આવ્યું. આ સાથે મંત્રીપદની રેસમાં કોંગ્રેસમાંથી મંત્રીપદની લ્હાયમાં ભાજપમાં આવેલા નેતાઓ પણ છે. હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને સી. જે. ચાવડાને પણ મંત્રીપદના સપના જોયા હતા, જે હવે ચકનાચૂર થઈ ગયા છે. અમદાવાદ, ભાવનગર, આણંદ અને સુરત જેવા મુખ્ય જિલ્લાઓમાંથી બે-બે ધારાસભ્યોને મંત્રીમંડળમાં સ્થાન મળ્યું છે. આ જિલ્લાઓનું રાજકીય અને આર્થિક મહત્ત્વ જોતાં આ નિર્ણય સ્વાભાવિક છે.છોટા ઉદેપુર, મહિસાગર, પંચમહાલ, પાટણ, સાબરકાંઠા અને ગાંધીનગર જેવા જિલ્લાઓમાંથી કોઈ ધારાસભ્યને મંત્રી નથી બનાવાયા. ખાસ કરીને ગાંધીનગર, જે રાજ્યનું પાટનગર છે, તેને મંત્રીમંડળમાં પ્રતિનિધિત્વ ન મળવું એ એક રાજકીય આશ્ચર્ય છે. સીએમ ભૂપેન્દ્ર પટેલના આ મંત્રીમંડળમાં ત્રણ મહિલાઓને સ્થાન મળ્યુ છે. જેમાંરાજયપાલે મનીષા વકીલ, રીવાબા જાડેજા, અને દર્શના વાઘેલાને મંત્રી તરીકેના સોગંદ અપાવ્યા હતાં ૨૦ નવા ચહેરાઓને સ્થાન મળ્યું છે. આ વખતે પણ મંત્રીમંડળમાં સૌરાષ્ટ્રનો દબદબો જોવા મળી રહ્યો છે.







વિશેષ અહેવાલ જુઓ... પેજ નં. ૮

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨ પળેપળના સમાચાર માટે www.lokpatrika.in


ગુજરાતમાં ભાજપ સરકારના નવા મંત્રીમંડળના રિશફલને લઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિતભાઈ ચાવડાએ તીખી પ્રતિક્રિયા આપી

# “નવા કેબિનેટ પર ભ્રષ્ટાચારના આરોપ, ચહેરા બદલવાથી પાપ નહીં ધોવાય”

**નવા મંત્રીમંડળને શુભકામનાઓ પાઠવી છે, પરંતુ સાથે જ સરકારના અઢી વર્ષના શાસનકાળમાં થયેલા મોટા ફેરફારો પર સવાલો ઉઠાવ્યા**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૭ ।

ગુજરાતમાં ભાજપ સરકારના નવા મંત્રીમંડળના રિશફલને લઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિતભાઈ ચાવડાએ તીખી પ્રતિક્રિયા આપી છે. તેમણે નવા મંત્રીમંડળને શુભકામનાઓ પાઠવી છે, પરંતુ સાથે જ સરકારના અઢી વર્ષના શાસનકાળમાં થયેલા મોટા ફેરફારો પર સવાલો ઉઠાવ્યા છે. અમિત ચાવડાએ કહ્યું કે, પાંચ વર્ષના મંત્રીમંડળના શાસન સામે અઢી વર્ષમાં જ કેબિનેટમાં આટલા મોટા ફેરફારો કરવા પડ્યા છે, જે સરકારની નિષ્ફળતા અને ‘પોલિસી પેરાલિસિસ‘નું પ્રતીક છે.અમિત ચાવડાએ સરકાર પર ચારેય તરફ ભ્રષ્ટાચારના આરોપો લગાવ્યા છે. તેમણે કહ્યું કે, લોકોએ સરકારની નીતિ અને નિયતને ઓળખી લીધી છે. ચહેરા બદલવાથી લોકોને અન્યાય થઈ રહ્યો છે અને નવા ચહેરા આવવાથી જનતાને કોઈ લાભ મળવાનો નથી. તેમણે ઉમેર્યુ કે, અઢી વર્ષના શાસનકાળમાં ૯ કેબિનેટ અને ૮ રાજ્ય કક્ષાના મંત્રીઓ હતા, જેમાંથી ૫૦ ટકા મંત્રીઓને પડતા મૂકવામાં આવ્યા છે. આમાંથી કેટલાકને ભ્રષ્ટાચારી ગણાવીને તેમણે સવાલ કર્યો કે, આવા મંત્રીઓને અઢી વર્ષ સુધી સરકારે કેમ ચલાવ્યા અને તેમની સામે કોઈ પગલાં કેમ ન લેવાયા?કોંગ્રેસ અધ્યક્ષે ગત અઢી વર્ષને ‘ઉત્સવ, તાયફા



અને ગેંગ વોર’માં વેડફાયા તરીકે વર્ણવ્યા છે. તેમણે કહ્યું કે, ચહેરા બદલવાથી પાપ ધોવાશે નહીં. વધુમાં તેમણે વિકાસ સપ્તાહમાં ગુજરાતની પ્રજાના ટેક્સના પૈસાનો બેફામ ઉપયોગ કરવાના આરોપ લગાવ્યા અને કહ્યું કે, ઉત્સવ અને તાયફાને કારણે સરકારનો વહીવટ ખાડે ગયો છે. અમિત ચાવડાએ ઉમેર્યુ કે, ૫૦ ટકા મંત્રીમંડળને બદલવું પ ડે તેનો અર્થ એ છે કે આ ટીમ ફેલ હતી અને ટીમની નિષ્ફળતાની જવાબદારી કેપ્ટનની છે. તેમણે આગાહી કરી કે, બિહારની ચૂંટણી પછી ગુજરાતના કેપ્ટન (મુખ્યમંત્રી) પણ બદલાશે.અમિત ચાવડાએ વધુમાં કહ્યું કે, સમાજમાં મોટા નામવાળા લોકોને મંત્રીપદથી સાઈડલાઈન કરવામાં આવ્યા છે અને અનેક નેતાઓની અપેક્ષાઓ પર પાણી ફરી વળ્યું છે. તેમણે આરોપ લગાવ્યો કે, ગુજરાત સરકાર દિલ્હીના રિમોટથી ચાલે છે, જેના કારણે કેટલાક ખાસ નેતાઓને મંત્રીમંડળમાં સ્થાન મળ્યું છે. આ પ્રતિક્રિયા ગુજરાતના રાજકારણમાં નવા વિવાદને જન્મ આપી શકે છે.

## સુરતમાં રેપ કરી સગીરાને ગર્ભવતી બનાવનારને અંતિમ શ્વાસ સુધી જેલ

। પ્રતિનિધિ, સુરત, તા.૧૭ ।

સુરતના ગ્રામ્ય વિસ્તારની ૧૬ વર્ષ અને નવ મહિનાની સગીરાને લગ્નની લાલચ આપી છ વખત દુષ્કર્મ આચરી સગર્ભા બનાવનાર આરોપીને પોકસોની વિશેષ કોર્ટે કસૂરવાર ઠેરવી જીવનના અંતિમ શ્વાસ સુધી એટલે કે આજીવન કેદની સખત સજા ફટકારી છે. ઉપરાંત કુલ ૨૦ હજારનો દંડ પણ ફટકારતો હુકમ કર્યો હતો. તેમજ પીડિતાને ૧૫ લાખ વળતર પેટે ચૂકવવા આદેશ કર્યો હતો. મૂળ ઉમરપાડા તાલુકાના ગોલવણ ગામના ડુંગળી પાડા ફળિયામાં રહેતા ૨૫ વર્ષીય પૌવલુસ નિરંજન વસાવાએ સુરતના ગ્રામ્ય વિસ્તારની ૧૬ વર્ષ અને નવ મહિનાની સગીરા સાથે નવેમ્બર ૨૦૨૨ થી ૬-૯-૨૦૨૪ દરમિયાન લગ્નની લાલચ આપી.

## મહારાષ્ટ્રના ડોક્ટરને પાંચ કરોડની લોન અપાવવાનું કહી છેતરપિંડી

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૭ ।

મહારાષ્ટ્રના ડોક્ટરને હોસ્પિટલના રિનોવેશન માટે પાંચ કરોડની લોન અપાવવાનું કહી ૧૦.૧૦ લાખ પડાવી લેનાર વડોદરાની મહિલા સહિત બે સામે પોલીસે ગુનો દાખલ કર્યો છે.મહારાષ્ટ્રના સતારા જિલ્લાના ખલટાવ તાલુકાના માયની ગામે એમ.એસ.ઈ.બી. બોર્ડમાં રહેતા ડો. જમીર યુસુફભાઈ જમાદારની મહારાષ્ટ્રના સાંગલીમાં હોસ્પિટલ છે. માંજલપુર પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, મારે હોસ્પિટલના રિનોવેશન માટે રૃપિયાની જરૃર હોવાથી નયનાબેન મનહરસિંહ મહીડા (રહે. દીપ દર્શન સોસાયટી, અટલાદરા) તથા રાજેશ અભેસિંગ ચાવડા (રહે. લાડુબા નગર, વાઘોડિયા રોડ) સાથે વાતચીત થઈ હતી. તેઓએ મને પાંચ કરોડની લોન કરાવી આપવાની વાત કરી હતી. નયનાબેને મને મુજમહુડા રોડ પર આવેલી સહયોગ ફાઈનાન્સની ઓફિસે બોલાવ્યો હતો. તેમની સાથે લોન અંગે મિટિંગ થઈ હતી. તેઓએ મારી પાસેથી ૧૦.૧૦ લાખ પડાવી લીધા હતા.

## દાદાની ટીમમાં રીવાબા જાડેજા સૌથી નાની ઉંમરના મંત્રી

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૭ ।

ઘણા લાંબા સમયથી ચાલતી રાજકીય અટકળો અને રાજકીય ઘટનાક્રમ બાદ આખરે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની નવી ટીમે શપથગ્રહણ કરી લીધા છે. સીએમ સિવાય મંત્રીમંડળમાં કુલ ૨૬ નેતાઓને સ્થાન મળ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નવા મંત્રીમંડળમાં ૫ નેતાઓએ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા છે. જ્યારે ૩ નેતાને રાજ્યકક્ષાનો સ્વતંત્ર હવાલો સોંપવામાં આવ્યો છે. ઉપરાંત ૧૨ નેતાઓએ રાજ્યકક્ષાના મંત્રી તરીકે શપથ લીધા છે.ભૂપેન્દ્ર પટેલની નવી ટીમમાં સૌથી યુવા મંત્રી જામનગર ઉત્તરના ધારાસભ્ય અને ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના પત્ની રીવાબા જાડેજા છે. તેમની ઉંમર ૩૪ વર્ષ છે અને તેમણે રાજ્યકક્ષાના મંત્રી તરીકે શપથ લીધા છે. ભૂપેન્દ્ર પટેલની નવી ટીમમાં સૌથી વધુ ઉંમરના મંત્રી પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ છે. તેમની ઉંમર ૭૪ વર્ષ છે. તેઓ દાદાની સરકારમાં નાણામંત્રી તરીકેની જવાબદારી નીભાવતા હતા. જ્યારે ફરી તેમને કેબિનેટ કક્ષાના મંત્રી તરીકે રિપીટ કરાયા છે. ઘણા લાંબા સમયથી ચાલતી રાજકીય અટકળો અને રાજકીય ઘટનાક્રમ બાદ આખરે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની નવી ટીમે શપથગ્રહણ કરી લીધા છે. સીએમ સિવાય મંત્રીમંડળમાં કુલ ૨૬ નેતાઓને સ્થાન મળ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નવા મંત્રીમંડળમાં ૫ નેતાઓએ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા છે.

ધારાસભ્ય હાર્દિક પટેલ અને યુવા ઠાકોર નેતા તેમજ ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે પણ એડીચોટીનું જોર લગાવ્યું હતું

# કોંગ્રેસમાંથી આવેલા હાર્દિક પટેલ - અલ્પેશ ઠાકોર બંને યુવા નેતાઓને પરિપક્વતા વગરની મહત્વાકાંક્ષા નડી

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૧૭ ।

મંત્રીમંડળના વિસ્તરની અટકળો થઈ રહી હતી ત્યારે લોબીઈંગ કરવામાં વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલ અને યુવા ઠાકોર નેતા તેમજ ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે પણ એડીચોટીનું જોર લગાવ્યું હતું. બંને યુવાનેતાઓમાં સામ્ય એ છે કે બંને પોતપોતાના સમાજ માટે આંદોલનનું નેતૃત્વ કરી ચૂક્યા છે અને બંને કોંગ્રેસ રિટર્ન છે. આથી તેમને તક મળે છે કે કેમ એ ઉત્સુકતા પ્રવર્તતી હતી. ભાજપના અનેક ધારાસભ્યો એવા હતા, જેઓ લીલી પેનથી સહી કરવાના સપના જોઈને બેસ્યા હતા. જેમાં સૌથી પહેલું નામ સૌરાષ્ટ્રના કદાવર પાટીદાર નેતા જયેશ રાદડિયા છે. જેમની ફુલ હવા હતી અને



લિસ્ટમા નામ ન આવ્યું. આ સાથે મંત્રીપદની રેસમાં કોંગ્રેસમાંથી મંત્રીપદની લ્હાયમાં ભાજપમાં આવેલા નેતાઓ પણ છે. હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને સી. જે. ચાવડાને પણ મંત્રીપદના સપના જોયા હતા, જે હવે ચકનાચૂર થઈ ગયા છે.

મંત્રીમંડળના વિસ્તરણની જાહેરાત થતા જ કોંગ્રેસ છોડીને ‘કમળ’ પકડનારા ચાર દિગ્ગજ નેતાઓ - હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર, સી. જે. ચાવડા અને અર્જુન મોઢવાડિયા - ને લીલીપેનથી સહી કરવાના સપનાં ફરી જીવંત થયા હતા. જેમાં અર્જુન મોઢવાડિયા બાજી મારી ગયા. બાકીના રહી ગયા.

ધારાસભ્ય તરીકે ચૂંટાયા પછી હાર્દિક પટેલે વિરમગામ વિસ્તારમાં વિકાસ કાર્યોની લાઈન લગાવી દીધી હોય એવો દેખાડો સોશિયલ મીડિયા પર શરૂ કરી દીધો હતો. કેટલાંક મુદ્દે સરકારની સામે પણ ઉગ્રતાભર્યા નિવેદનો કર્યા હતા. પાટીદાર અનામત આંદોલન વખતની તેમની છબીને લીધે, ધારાસભ્ય બન્યા પછી પણ ભાજપના વર્તુળોમાં હાર્દિક હજુ પણ ખાસ સ્થાન બનાવી શક્યા નથી. એટલે જ તમામ પ્રયત્નો છતાં મંત્રીમંડળમાં તેમની અવગણના થઈ હોય તેમ બની શકે.

અલ્પેશ ઠાકોર દરેક તબક્કે લીલી શાહીથી સહી કરવાની યાને કે મંત્રી બનવાની ખ્વાહિશ વ્યક્ત કરતા રહે છે.

## સીઆઇડી કોર્ટમાં નોંધાયેલા ડ્રગ્સના કેસમાં હાઈકોર્ટે આરોપીના જામીન મંજૂર કર્યા

। પ્રતિનિધિ, સુરત, તા.૧૭ ।

સુરતના સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં આરોપી મોહંમદ રેહાન જમીલ એહેમદ અન્સારી સામે એનડીપીએસ એક્ટની કલમો તથા આઈપીસીની કલમો હેઠળ ૨૧ જુલાઈ ૨૦૨૪ના રોજ ગુનો નોંધાયો હતો. જેમાં તેની ધરપકડ કરવામાં આવી હતી. તેની સામે કોમર્શિયલ ક્વોન્ટીટીનું ડ્રગ્સ રાખવા અને ડ્રગ્સના વેચાણના આરોપ મુકાયા હતા.

આ કેસમાં આરોપી મોહમંદ રેહાનને હાઈકોટ- જામીન પર મુક્ત કરવાનો આદેશ આપ્યો છે. આરોપી મોહંમદ રેહાન અન્સારીને એનડીપીએસ એક્ટ ૧૯૮૮માંથી ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ સીઆઈડી ક્રાઈમ ગાંધીનગરે ૧૨.૯.૨૦૨૫ના રોજ હુકમ કરીને આરોપીને પ્રિવેન્ટીવ ડિટેન્શન હેઠળ પોરબંદર સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપવાનો હુકમ કરવામાં આવ્યો છે.તેની સામે આરોપીએ પોતાના એડવોકેટ મારફતે ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ ક્રિમીનલ અપીલ દાખલ કરી હતી. અને ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર હાઈકોર્ટની ડિવીઝન બેન્ચમાં૧૬.૧૦.૨૦૨૫ના રોજ ક્રિમીનલ કેસની સુનાવણી થઈ હતી.

## ખેડા નજીક ખાદ્ય તેલ ભરેલું ટેક્કર પલટ્યું, લોકો તેલ ભરવા ઉમટી પડ્યા

। પ્રતિનિધિ, ખેડા, તા.૧૭ ।

સામાન્ય રીતે કોઈ અકસ્માત સર્જાય એટલે લોકોના ટોળે ટોળા ઉમટી પડે છે, અને અફરાતફરી સર્જાતી હોય છે. ત્યારે ખેડા નજીક એક અકસ્માત સર્જાયો, જે બાદ લોકોના ટોળા ઉત્સાહથી ઉમટી પડ્યા હતા. ખેડા નજીક નેશનલ હાઈવે પર પામોલીન તેલ ભરેલ ટેક્કર પલ્ટી જવાની ઘટના બનવા પામી હતી. ખાદ્યતેલ લઈને જઈ રહેલી ટેક્કર પલટી જતા રોડ પર તેલની રેલમછેલ થવા પામી હતી.નેશનલ હાઈવે નંબર ૪૮ પર એક પામોલીન તેલ ભરેલ ટેક્કર ગાંધીધામથી નડિયાદ આવી રહી હતી. તે દરમિયાન ખેડાના રાધવાણજ પાસે રોડ પર વચ્ચે ગાય આવી જતાં ટેક્કરને અકસ્માત નડ્યો હતો. ટેક્કર પલટી જતા રોડ પર તેલ ઢોળાયું હતું. આજુબાજુના લોકોને આ બાબતે જાણ થતાં લોકો ડોલ ડબલાં જે હાથમાં આવ્યું તે લઈને તેલ ભરવા ઉમટ્યા હતા. જોકે, આ અકસ્માતની ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી નથી.રોડ પર પામોલીન તેલ ભરેલું ટેક્કર અકસ્માતે પલ્ટી જતાં રોડ પર હજારો લીટર તેલ ઢોળાઈ જવા પામ્યું હતું. રોડ પર તેલની રેલમછેલ થવાની જાણ આજુબાજુના લોકોને થતાં લોકોના ટોળે ટોળા તેલ લેવા ઉમટી પડ્યા હતા. ડોલ-ડબલું, તપેલા અને કેરબા જે હાથમાં આવ્યું તે લઈને તેલ લેવા લોકો દોડ્યા હતા.




### ભુપેન્દ્ર પટેલની નવી કેબિનેટમાં જાતિના સમીકરણ પર વધુ ફોકસ કરવામાં આવ્યું

# કાંતિ અમૃતિયાને ગોપાલ ઈટાલિયા ફળ્યા, હવે સૌરાષ્ટ્રના પાટીદારોમાં જાયન્ટ કિલર બનશે

**મોઢવાડિયાની ધીરજ ફળી, વાઘાણીની રી-એન્ટ્રી, મહિલા નેતા તરીકે રીવાબાની ગાંધીનગરમાં એન્ટ્રી મળી છે**

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૧૬ ।

ભુપેન્દ્ર પટેલની નવી કેબિનેટમાં જાતિના સમીકરણ પર વધુ ફોકસ કરવામાં આવ્યું છે. નવા મંત્રીમંડળમાં સૌરાષ્ટ્રનું પ્રભુત્વ વધારાયું છે. સૌરાષ્ટ્રમાં લેઉવા પાટીદાર અને કોળી સમાજના ફેક્ટરને ધ્યાનમાં રાખવામાં આવ્યું. સરકારમાં સૌરાષ્ટ્રનું કદ વધ્યું. હવે ૫ને બદલે ૮ ધારાસભ્યને મંત્રીપદ મળ્યું છે. મોઢવાડિયાની ધીરજ ફળી, વાઘાણીની રી-એન્ટ્રી, મહિલા નેતા તરીકે રીવાબાની ગાંધીનગરમાં એન્ટ્રી મળી છે. તો કાંતિ અમૃતિયા માટે મંત્રીપદ એ લોટરી સમાન છે. જોકે, કાંતિ અમૃતિયાને મંત્રીપદ મળવાનું ફળ ગોપાલ ઈટાલિયાની જાય છે. સૌરાષ્ટ્ર બેલ્ટ અને પાટીદારોમાં જાયન્ટ કિલર બની રહેલા ગોપાલ ઈટાલિયાની સામે ટક્કર આપવા માટે પાર્ટીએ કાંતિ અમૃતિયાને મંત્રીપદ આપ્યું છે.

દાદાની નવી કેબિનેટમાં પાટીદારોનો દબદબો રહ્યો છે. હવે ગુજરાત સરકારની નવી કેબિનેટમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત ૭ પાટીદારો સમાવાયા છે. જેમાં કાંતિ અમૃતિયાની વન-વે એન્ટ્રી થઈ છે. પરંતુ કાંતિ અમૃતિયાની આ એન્ટ્રીનું શ્રેય ગોપાલ ઈટાલિયાને આપી શકાય.




કાંતિ અમૃતિયાને ગોપાલ સાથે મોરે-મોરો કરવાનું ફળ્યું છે. અગાઉ ખરાબ રસ્તાના મુદ્દે મોરબીના સ્થાનિકોમાં 'વિસાવદર વાળી' થવાની ચર્ચા બોલકી બની હતી, ત્યારે ધારાસભ્ય કાંતિ અમૃતિયાએ તેને પોતાના સામેની ગોપાલ પ્રેરિત બગાવત ગણી હતી અને ગોપાલને મોરબીથી ચૂંટણી લડવા આહ્વાન કર્યું હતું. જવાબમાં ઈટાલિયાએ પણ તેમનો પડકાર સ્વીકારી લીધો હતો અને બંનેએ એકબીજાને રાજીનામાં આપીને મોરબીથી ચૂંટણી લડવાના હાકલાં-પડકારા કરી દીધા હતા.

એવું કશું તો ખેર, થવાનું ન હતું પરંતુ ઊભરી રહેલાં યુવા નેતા ગોપાલ ઈટાલિયા સામે મોરેમોરો કરવા બદલ અમૃતિયાને મંત્રી બનાવીને તેમનું કદ ચોક્કસ વધારી દેવાયું છે.

જુનાગઢ, મોરબી, રાજકોટમાં ગોપાલ ઈટાલિયાનું પ્રભુત્વ વધી રહ્યું છે. ગોપાલ ઈટાલિયા જે રીતે જાહેર સભા કરીને જનમેદની ભેગી કરી રહ્યાં છે, તે જોતા ભાજપના પેટમાં ફાળ પડી છે. આવામાં પાટીદારોમાં વર્ચસ્વ ઉભું કરવા માટે ભાજપને કદાવર નેતાની જરૂર છે. આ લિસ્ટમાં જયેશ રાદડિયા હતા, પરંતુ ભાજપે તેમનું પત્તુ કાપી નાંખ્યું છે. પાર્ટી સામે બળવો કરનાર જયેશ રાદડિયાને બીજીવાર પણ મંત્રીપદ ન મળ્યું. આવામાં મોરબીનો ગઢ સાચવવા માટે ભાજપે કાંતિ અમૃતિયાને ઉભા કર્યા. આ રીતે ભાજપ પાટીદારો પર પ્રભુત્વ જમાવી રાખશે.

વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા અને મોરબીના ધારાસભ્ય કાંતિ અમૃતિયા વચ્ચે થોડા સમય પહેલા પડકાર પોલિટિક્સ ચાલ્યું હતું. ગોપાલ ઈટાલિયાને પડકાર ફેંકીને કાંતિ અમૃતિયા પોતાના સમર્થકો સાથે ગાંધીનગર પહોંચ્યા હતા. ત્યારે આ મુદ્દો બહુ ચર્ચાયો હતો. ભુપેન્દ્ર પટેલની નવી કેબિનેટમાં જાતિના સમીકરણ પર વધુ ફોકસ કરવામાં આવ્યું છે. નવા મંત્રીમંડળમાં સૌરાષ્ટ્રનું પ્રભુત્વ વધારાયું છે.

### શહેરમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો

# અમદાવાદ શહેરના આસારામના આશ્રમમાં રહેતા શખ્સ પાસેથી ૧ કરોડ રૂપિયા મળ્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૭ ।

શહેરમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં રામોલ પોલીસ દ્વારા કરોડોની રોકડ રકમ સાથે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આરોપી પાસેથી જે રોકડા રૂપિયા મળી આવ્યા છે તેના વિશે જાણીને તમે પણ નવાઈ પામી જશો. દિવાળીના તહેવાર સમયે જ પોલીસે એક એવા આરોપીની ધરપકડ કરી છે. જેની પાસે કરોડો રૂપિયા હતા પરંતુ તે રૂપિયાનો તેની પાસે કોઈ હિસાબ ન હતો.બનાવને લઈને જો વિગતવાર વાત કરીએ તો, રામોલ સીએટીએમ એક્સપ્રેસ હાઈવે ટોલટેક્સ આગળ પોલીસ વાહન ચેકિંગમાં હતી. તે જ સમયે પોલીસે વડોદરાથી આવતી એક ખાનગી ટ્રાવેલ્સમાં ચેકિંગ હાથ ધર્યું. જેમાં એક આરોપી ૧ કરોડ ૨ લાખની રોકડ રકમ સાથે ઝડપાયો. જેની પાસે આ રૂપિયાનો કોઈ હિસાબ ન હતો.

આરોપી પાસેથી જે રૂપિયા મળ્યા તેનો તેની પાસે કોઈ હિસાબ કે પુરાવા પણ ન હતા. જેથી પોલીસે કલમ ૧૦૬ મુજબ આ આરોપીની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ આરોપીનું નામ શમશેર બહાદુર હોવાનું સામે આવ્યું છે. સાથે જ આરોપી મૂળ ઉત્તર પ્રદેશનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે આ કરોડોની રોકડ રકમ સાથે ઝડપાયેલા આ આરોપીની ધરપકડ બાદ આ મુદ્દો હાલ શહેરમાં ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે.

## વડોદરાના માંજલપુરમાં જુગાર રમતા આઠ આરોપી ઝડપાયા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૭ ।

માંજલપુર અલવા નાકા એવન્યુ કોમ્પલેક્સના પાંચમા માળે જુગાર રમવામાં આવી રહ્યો હોવાની માહિતીના આધારે પોલીસે રેડ પાડતા આઠ જુગારીઓ ઝડપાઈ ગયા હતા. માંજલપુર પોલીસે જુગારીઓ પાસેથી રોકડા, ૭ મોબાઈલ મળી કુલ રૃપિયા ૭૬,૮૭૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પકડાયેલા જુગારીઓમાં (૧) રાહુલ અનિલકુમાર ગાંધી (રહે. ૫ એવન્યુ, અલવા નાકા) (૨) પ્રકાશ અશોકભાઈ શાહ (રહે. પાર્શ્વનાથ ફ્લેટ, નિઝામપુરા) (૩) વિશાલ પ્રકાશભાઈ અધ્યારૃ (૪) નંદકિશોર ઠાકોરલાલ શાહ (૫) સાજીદખાન અબ્બાસખાન પઠાણ (૬) ઈમરાનખાન ખાલીદખાન પઠાણ ( તમામ રહે. રાજપીપળા) (૭) રાજેશકુમાર ગણેશભાઈ પ્રજાપતિ (રહે. કેવડિયા કોલોની) તથા (૮) ગજેન્દ્ર છગનભાઈ માછી (રહે. માછીવાડ, તા. નાંદોદ) નો સમાવેશ થાય છે. માંજલપુર અલવા નાકા એવન્યુ કોમ્પલેક્સના પાંચમા માળે જુગાર રમવામાં આવી રહ્યો હોવાની માહિતીના આધારે પોલીસે રેડ પાડતા આઠ જુગારીઓ ઝડપાઈ ગયા હતા.

## સુરતમાં જાણીતા ઉદ્યોગપતિ સમીર શાહની બર્થ-ડે પાર્ટીમાં દારૂ મહેફિલ

। પ્રતિનિધિ, સુરત, તા.૧૭ ।

અલથાણ વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં પોલીસ સાથે સંકળાયેલા અને લાઈઝનિંગનું કામ કરતા એક જાણીતા ઉદ્યોગપતિ સમીર શાહની જન્મદિવસની પાર્ટીમાં પોલીસે દારૂની મહેફિલ ઝડપી પાડી છે. અલથાણ પોલીસ સ્ટેશનની હદમાં આવેલી કે.એસ. અવતરણ હોટલમાં આ દારૂ પાર્ટી ચાલુ હતી, જેમાં મોટા-મોટા ઉદ્યોગપતિઓ અને વેપારીઓ સહિત અનેક લોકો સામેલ હતા. મળતી માહિતી મુજબ, ઉદ્યોગપતિ સમીર શાહની બર્થ-ડે પાર્ટીની આડમાં આ દારૂની પાર્ટી યોજાઈ હતી. પોલીસને બાતમી મળતા અલથાણ પોલીસે હોટલ પર દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે દારૂ પીધેલી હાલતમાં તેમજ દારૂની બોટલો સાથે અનેક લોકોને ઝડપી પાડ્યા હતા. મળેલી જાણકારી મુજબ પોલીસ સાથે સંકળાયેલા અને લાઈઝનિંગનું કામ કરતા સુરતના જાણીતા ઉદ્યોગપતિ સમીર શાહના જન્મદિવસની પાર્ટીમાં દારૂ પીરસાતો હતો અને ત્યારે જ પોલીસે દરોડો પાડ્યો હતો.સુરતના અલથાણ ખાતે આવેલ કે.એસ. અવતરણ હોટલમાં દારૂની મહેફિલ ચાલુ હતી ત્યારે જ પોલીસ ત્રાટકતા લોકોના હોશકોશ ઊડી ગયા હતા. આ પાર્ટીમાં મોટા બિઝનેસમેનો અને બિઝનેસ સાથે સંકળાયેલા ઘણા નામાંકિત લોકો હાજર હોવાથી પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ હતી.જ્યારે પોલીસે દારૂની મહેફિલ પર દરોડા પાડ્યા ત્યારે સમીર શાહના પુત્રએ પોલીસ સાથે મગજમારી કરી હતી અને ઝપાઝપી પણ કરી હોવાનું બહાર આવ્યું છે. સરકારી કામકાજમાં રુકાવટ કરનારા સમીર શાહના પુત્રને પોલીસે તે સમયે અટકાયતમાં લીધો હતો પણ ત્યાર બાદ તેને છોડી દેવાયો હતો. જો કે કયા કારણોસર તેને છોડી દેવામાં આવ્યો તે હજુ સુધી સામે આવ્યું નથી. પોલીસે દારૂ ભરેલી બલેનો કાર અને હોટલના ડીવીઆર જપ્ત કર્યા હતા.






## તંત્રી લેખ..

# અન્ના હજારે અને કેજરીવાલ બાદ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના સૌથી મોટા નેતા હતા

મનીષ સિસોદિયાની ધરપકડ આમ આદમી પાર્ટી માટે ઈતિહાસનું એક ચક્ર પૂરું કરવા સમાન છે. સિસોદિયા દિલ્હી સરકારમાં જ નંબર બે નથી, પરંતુ પાર્ટીમાં પણ તેઓ નંબર બેની હેસિયત ધરાવે છે. તેમનું મહત્ત્વ સરકાર અને પાર્ટીથી વધારે એ વાતથી છે કે અન્ના હજારે અને કેજરીવાલ બાદ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના સૌથી મોટા નેતા હતા. મનમોહન સરકારે જ્યારે અન્ના અને કેજરીવાલને તિહાર જેલમાં મોકલ્યા હતા, ત્યારે સિસોદિયા પણ જેલમાં ગયા હતા. કેજરીવાલ સાથે તેમની ગાઢ મિત્રતા છે. અન્ના આંદોલનની રૂપરેખા પણ બંનેએ મળીને બનાવી હતી. ચહેરા તરીકે અન્નાની પસંદગી પણ બંનેએ મળીને જ કરી હતી. કહી શકાય કે અન્ના આંદોલનના નાયક જો કેજરીવાલ હતા, તો સિસોદિયાની ભૂમિકા પણ નાયકથી ઓછી ન હતી. એવામાં ભ્રષ્ટાચાર વિરોધી નાયકનું ભ્રષ્ટાચારના આરોપમાં જેલ જવું ઘણું વિરોધાભાસી છે. આપ સરકારની શરાબ નીતિ પહેલેથી જ વિવાદોમાં હતી. શરાબના કોન્ટ્રાક્ટ ખાનગી હાથમાં આપવાના સરકારના નિર્ણય પર પહેલા દિવસથી જ સવાલ ઉઠવા લાગ્યા હતા. એમ કહેવું મુશ્કેલ છે કે શરાબ નીતિમાં કૌભાંડ થયું કે નહીં, તે તપાસનો વિષય છે, પરંતુ જે રીતે નવા ઉપરાજ્યપાલના આવ્યા બાદ સીબીઆઈ તપાસના આદેશ આપવામાં આવ્યા, તેના તરત બાદ મનીષ સિસોદિયા દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરીને નવી નીતિ માટે પૂર્વ ઉપરાજ્યપાલ અનિલ બૈજલને જવાબદાર ઠેરવવામાં આવ્યા, તેનાથી આખી શરાબ નીતિને બદલવાની શંકાને પાકી કરવામાં મોટી ભૂમિકા નિભાવી કે ક્યાંકને ક્યાંક કોઈ ગરબડ તો છે જ! શંકાની દીવાલ ત્યારે વધુ મોટી થઈ જાય છે જ્યારે ગોવા અને પંજાબની ચૂંટણી દરમ્યાન પાણીની જેમ પૈસા વહાવવામાં આવ્યા. ટીકાકારો સવાલ પૂછવા લાગ્યા હતા અને આ જ એ ક્ષણ હતી જ્યારે સરકારી એજન્સીઓને આપ પર હાથ નાખવાનો મોકો મળી ગયો. આ આરોપોમાં કેટલો દમ છે અને તેમાં સિસોદિયાની શી ભૂમિકા છે એ તો અદાલતમાં સાબિત થશે, પરંતુ પાર્ટી પર દાગ ચોક્કસ લાગી ગયો. એ માનવું થોડું મુશ્કેલ છે કે સિસોદિયા જેવા નેતા પર કેન્દ્ર સરકારે એમ જ હાથ નાખી દીધો હોય. આમ આદમી પાર્ટી ૨૦૧૦ના દાયકામાં એક એવા વિચાર તરીકે ઉભરી હતી, જેને સત્તા અને રાજનીતિના અશ્લીલ અને ઘૃણિત ગઠબંધન વિરુદ્ધ વિદ્રોહ કહી શકાય. તેણે ભ્રષ્ટાચારના વિરોધમાં દેશમાં એવી હવા ઊભી કરી કે મનમોહન સિંહની સરકાર ઊડી ગઈ, કોંગ્રેસ સંકટમાં ઘેરાઈ ગઈ અને મોદી નામનો વિચાર દેશ પર છવાઈ ગયો. આપ પાસે દેશ-દુનિયાને નવી દૃષ્ટિ આપવાની આશા લોકો રાખતા હતા. એ સંજોગ નથી કે જ્યારે મોદીનું વાવાઝોડું આખા દેશમાં ફરી રહ્યું હતું.

# શારરિક કસરતને લઇને લાપરવાહી



હાલમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અને વ્યાપક અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે દેશની અડધીથી વધારે વસ્તીનો શારરિક પ્રવૃતિ અથવા તો ફિજિકલ એક્ટિવિટીમાં કોઈ રસ નથી. દેશના અડધા લોકો શારરિક ગતિવિધીથી દુર રહેવાનુ પસંદ કરે છે. એટલે કે આળસ રાખે છે. ૧૦ ટકાથી પણ ઓછા લોકો એવા છે જે મનોરંજન તરીકે શારરિક ગતિવિધીમાં સામેલ રહે છે. આસીએમઆરના ડેટામાં આ બાબતનો ખુલાસો થયો છે. જો કે કેટલાક લોકો આ ખુલાસા સાથે સહતમ નથી. તેમની દલીલ છે કે આધુનિક ભારતમાં લોકો શારરિક ફિટનેસને લઈને વધારે સાવધાન થઈ રહ્યા છે. દિલ્હી સ્થિત પ્રાઈમસ સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ વિભાગના તબીબો કહે છે કે આધુનિક સમયમાં આર્થરાઈટિસ જેવી જોડની તકલીફ હવે વય સુધી મર્યાદિત રહી નથી. શારરિક રીતે કામ ન કરવાની બાબત પણ આ બિમારીના બોઝને વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. ડબલ્યુએચઓના રિપોર્ટમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે દુનિયાભરમાં પાંચમાંથી એક પુખ્તવયના લોકો અને પાંચમાંથી ચાર કિશોર વયના લોકો શારરિક ગતિવિધી કરતા નથી. જેના કારણે હેલ્થ કેરપર ૫૪ અબજ ડોલરની સીધી અસર થઈ રહી છે. તબીબો કહે છે કે આઈસીએમઆરના આંકડા દર્શાવે છે કે ૫૪.૪ ટકા લોકો શારરિક ગતિવિધી કરવામાં રસ ધરાવતા નથી. આ સરકારી એજન્સી દ્વારા કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે લોકો યાત્રા અને મનોરંજન સાથે જોડાયેલી શારરિક ગતિવિધીની તુલનામાં કામમાં વધારે સમય પસાર કરે છે. આળસી જીવનશેલી, કસરત ન કરવાની બાબત અથવા તો કોઈ પ્રોફેશનલની દેખરેખ વગર કસરત કરવાથી યુવાના જોડમાં લિગામેન્ટમાં તકલીફ પડે છે. જેમ જેમ અમારી વય વધે છે અમારા શરીરમાં કામ કરવાની ક્ષમતા ઘટતી જાય છે. અમારા શરીરમાં હાડકા ફરી બનવા અને રિપેયર થવાની ક્ષમતા ઓછી થવા લાગી જાય છે. અમારા ઘુટણમાં મુલાયમ ટિશ્યુ હોય છે જેને કાર્ટિલેજ કહેવામાં આવે છે. જે માંસપેશિયાઓને ટેકો આપે છે. જેના કારણે શારરિક ગતિવિધી કરતી વેળા સરળતા મળે છે.આ એક પ્રકારથી શોક ઓબ્ઝર્વર તરીકે કામ કરે છે. સમયની સાથે આ મુલાયમ ટિશ્યુ ઘસી જાય છે. જેના કારણે જોડમાં જગ્યાઓ બનતી જાય છે. કાર્ટિલેજના ડિજરનેશનના કારણે આર્થરાઈટિસ થવા લાગી જાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. તાઈબાનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. અભ્યાસાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઈવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઈવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઈન્સ્ટ્રીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઈ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઈને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે.



## આજકાલ

લેખક : દીપક જગતાપ

### ખિસકોલીની કુલ ૩૬ પ્રજાતિઓ છે

**ખિસકોલી ખરેખર પક્ષીની જેમ ઉડતી નથી. પણ એક લાંબી છલાંગ લગાવે છે. ઉડતી ખિસકોલી એટલે પક્ષીની જેમ તેં ઉડતી નથી. પણ ઉડતી ખિસકોલીના આગળના બે પગ અને પાછળના બે પગ તદ્દન પાતળી ચામડીથી જોડાયેલા હોય છે.**

# ભાગ્યેજ જોવા મળતી અને લુપ્ત થવાને આરે આવેલ ઉડતી ખિસકોલી:એક દૂર્લભ સસ્તન પ્રાણી

**એ જ્યારે ચારે પગ ખોલે તો જાણે ચાર પગ વડે રૂમાલ પકડીને ખોલ્યો હોય એવી સ્થિતિ સર્જાય છે. એ સ્થિતિમાં ખિસકોલી વૃક્ષ ઉપરથી હવામાં પડતું મૂકે તો નીચે પડવાને બદલે હવામાં ટકી જાય છે. જાણે પેરેશૂટ જોઇ લો!**



ખિસકોલી તો સૌ કોઈએ જોઈ હશે. પટાવાલી અને અત્યંત ચપળ એવી ઝાડ પર સડસડાટ ચઢી જતી ખિસકોલી વિશે આજે વાત નથી કરવી પણ આજે આપણે ભાગ્યેજ કોઈએ જોઇ હોય એવી અત્યંત દુર્લભ ગણાતી એવી ઉડતી ખિસકોલી વિશેની આજે વાત કરવી છે. ઉડતી ખિસકોલી એટલે પક્ષીની જેમ તેં ઉડતી નથી. પણ ઉડતી ખિસકોલીના આગળના બે પગ અને પાછળના બે પગ તદ્દન પાતળી ચામડીથી જોડાયેલા હોય છે. એ જ્યારે ચારે પગ ખોલે તો જાણે ચાર પગ વડે રૂમાલ પકડીને ખોલ્યો હોય એવી સ્થિતિ સર્જાય છે. એ સ્થિતિમાં ખિસકોલી વૃક્ષ ઉપરથી હવામાં પડતું મૂકે તો નીચે પડવાને બદલે હવામાં ટકી જાય છે. જાણે પેરેશૂટ જોઇ લો! પોતાના પગ જરાક ઊંચા નીચા કરીને એ સહેજ ઢાળ બનાવે એટલે હવામાં અદ્રશ્ય લપસણી પર સરકતી હોય તેમ બીજા વૃક્ષ સુધી પ હોંચી શકે છે. એટલા નાના નાના અંતર સુધી તે ઊડતી રહે છે. આના લીધે જ તેનું નામ 'ઉડતી ખિસકોલી' પડયું છે. આ ખિસકોલી ખરેખર પક્ષીની જેમ ઉડતી નથી. પરંતુ એક ઉંચા વૃક્ષ પરથી થોડે દુર આવેલ બીજા ઉંચા વૃક્ષની નિચેની તરફની ડાળી પર એક લાંબી છલાંગ લગાવે છે. તેમ કહી શકાય છે. આગળના એને પ ાછળના પગો વચ્ચે જોડાયેલી વધારાની ચામડીની મદદથી તે હવામાં થોડાક અંતર સુધી સરકી શકે છે. મોટી ઊડતી ખિસકોલી વિશેષતા એ છેકે આવી વધારાની ચામડી પગની એડીના ભાગેથી લઈને પુંછડી સાથે પણ તે જોડાયેલી હોય છે. જ્યારે કોઈ શિકારી હુમલો કરે છે, ત્યારે ખિસકોલી તરત જ બીજા ઝાડ પર ઉડે છે, સફળતાપૂર્વક છટકી જાય છે. મોટા પક્ષીથી ઉડવું એટલું સરળ નથી. પરંતુ ખિસકોલી એક ઘડાયેલું ઘુવડ અથવા ઘુવડને પણ મૂંઝવણમાં રાખીને ફ્લાઈટનો માર્ગ બદલી શકે છે. ખિસકોલી ઓક, દેવદાર અને શીશમના વૃક્ષો પર પોતાનો માળો બનાવીને રહે છે. તે ભૂરા રંગની હોય છે. તેને ૩થી ૫૦ સેન્ટીમીટર લાંબી ઉડાન ભરતા જોવાઈ છે. આ પ હાડી વિસ્તારોમાં તે મોટી સંખ્યામાં મળી આવતી હતી, પરંતુ કપાતા જંગલો અને ગ્લોબલ વોર્મિંગના કારણે તેની સંખ્યા ખૂબ જ ઓછી થઈ ગઈ. હવે તેને વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટના શિડ્યૂલ-૨માં સામેલ કરાઈ છે. ઉડતી ખિસકોલી આખો દિવસ વૃક્ષની બખોલમાં ભરાઈ રહે છે અને સાંજે ખોરાકની શોધમાં વૃક્ષની ટોચ સુધી કૂદાકૂદ એટલે કે ઊડાઊડ કરે છે. આખો દિવસ બખોલમાં સૂઈ રહેતી હોવા છતાં તે આખી રાત સક્રિય રહે છે.આ ખિસકોલીની લંબાઈ માત્ર ત્રણ કે ચાર ઈંચ હોય છે. તે આટલી નાનકડી હોવાને લીધે તેને 'પોકેટ પેટ' પણ કહે છે. તે પૂંછડી સાથે વધુમાં વધુ સાત કે આઠ ઈંચની લંબાઈ ધરાવે છે, જ્યારે તેનું વજન ૮૫ ગ્રામ જેટલું જ હોય છે. તેની રુવાંટી મુલાયમ અને રંગ ભૂખરો, લાલ ને આછો રાખોડી હોય છે. ઉડતી ખિસકોલીની લંબાઈ ૩૭ સે.મી હોય છે. તેની પુંછડીની લંબાઈ ૪૧ સે.મી હોય છે. તેનું વજન ૧.૫ થી ૨ કિ.ગ્રા હોય છે. ઉડતી ખિસકોલીનું આયુષ્ય ૧૫ થી ૧૭ વર્ષનું હોય છે. આ પ્રાણી નિશાચર હોય છે. ઉડતી ખિસકોલી સમી સાંજમાં પણ ખોરાકની શોધમાં જોવા મળે છે. તેમજ તે આખી રાત ખોરાક માટે ફર્યા કરે છે. દિવસ દરમિયાન આ ખિસકોલી વૃક્ષની બખોલમાં કે ઘાટી ડાળખીઓમાં સુતી જોઈ શકાય છે. આ ખિસકોલીના માથાથી લઈને શરીર પરનો રંગ બદામી કે કોફી જેવો કંથ્થાઈ રંગનો હોય છે. અમુક વિસ્તારમાં તે ભુખરા રંગની પણ જોવા મળે છે. ગળું, છાતી, અને પેટવાળો ભાગ આછા ભુખરા રંગનો હોય છે કાન મોટા હોય છે. જેની કિનારી લાલશ પડતા કથ્થાઈ રગંની હોય છે. પુંછડી એક સરખી કથ્થાઈ પડતા ભુખરા રંગની હોય છે. કેટલીક ખાસ ખિસકોલીમાં પુંછડીની ટોચ ઘટ્ટ રંગની હોય છે. સુર્યાસ્ત થતાની સાથે જ તેના વૃક્ષ પરના રહેઠાણ માંથી ભ્રમણ માટે એકલવાયી નીકળી પડે છે. કયારેક મધ્યરાત્રે પરત ફરે છે. અને ખોરાક ન મળ્યો હોય તો વહેલી સવાર સુધી વૃક્ષો પર ફરતી રહે છે. વૃ ક્ષોના થડ પર તે કુદતાં કુદતાં જોવા મળે છે. ફળ, બીજ, છાલ, ગુંદર, કે જીવડાં ખાતી વખતે તે તેના આગળના બે પગ વડે ખોરાકને પકડીને મોઢા આગળ રાખીને આગળના દાંત વડે કોતરતી કોતરતી ખાય છે. ખોરાક કઠણ હોય તો તેનો અવાજ પણ આવે છે. તેની આ ખાસીયતને લીધે કર્તનશીલ પ્રાણીઓમાં સમાવિષ્ટ થયેલી છે. એક બીજા સાથે અવાજથી સંપ ર્કમાં રહે છે. ચીસ પાડીને મોટે ભાગે ભય વ્યકત કરે છે. સામાન્યરીતે આ ખિસકોલી ભુખરા રંગની અને આકારમાં સામાન્ય ખિસકોલી કરતા મોટી હોય છે. ઉડતી ખિસકોલી ખોરાકમાં ફળ, ફુલ, પાન, બીજ, જીવડાં, કોશેટા વગેરે ખાય છે. ઊડતી ખિસકોલી શુલપાણેશ્ર્વર અભયારણ્યમાં કાલવટ, વાવ, દુથર વગેરે વિસ્તારોમાં જોવા મળે છે. અમેરિકન ઉડતી ખિસકોલી જીવડાં, પક્ષીનાં ઊંડા, નટ્સ અને વિવિધ પ્રકારના ફળ ખાય છે. તેઓ ઊંચા વૃક્ષો પર રહેતી હોવાથી તેને જમીન પર દોડવાનું ખાસ ફાવતું નથી.



### નિષ્ણાંતોની ચેતવણી : પાણીનો બગાડ જળ કટોકટી સર્જી શકે છે

**વરસાદી પાણીને સંગ્રહ કરવામાં આવે તે જરૂરી છે ભારતના કેટલાક ભાગોમાં પાણીની સમસ્યા એટલી ગંભીર બની ગઇ છે કે તેનો લાભ લેવા માટે હવે બહુરાષ્ટ્રીય કંપનીઓ પણ મેદાનમાં આવી ગઇ છે**

# પાણીની સમસ્યા વધુ વિકરાલ બનશે

**તમામ દેશો સામે આજે તેમના લોકોને શુદ્ધ પીવાનુ પાણી આપવાની બાબત સૌથી પડકારરૂપ બની ચુકી છે : નવા પ્રયોગો પણ જારી છે**



માત્ર ભારતમાં જ નહી બલ્કે સમગ્ર વિશ્વમાં હવે પાણીની સમસ્યા દિન પ્રતિદિન વધુને વધુ વિકરાલ બની રહી છે. આ સમસ્યા તરફ જો ગંભીરરીતે ધ્યાન આપવામાં નહી આવે તો વધારે ખતરનાક બની શકે છે. આજે વિશ્વના મોટા ભાગના દેશો તેમના દેશમાં નાગરિકોને શુદ્ધ પાણી આપવામાં મુશ્કેલી અનુભવ કરી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રે હાલમાં ચેતવણી આપતા કહ્યું છે કે જો પાણીના બગાડને રોકવામાં નહી આવે તો ટુંક સમયમાં જ વિશ્વને ગંભીરત જળ સંકટનો સામનો કરવાની ફરજ પડી શકે છે. વિશ્વ જળ વિકાસ રિપોર્ટની માહિતી દર ત્રણ વર્ષમાં જારી કરવામાં આવે છે. આ રિપોર્ટને તૈયાર કરવામાં જળ વિજ્ઞાન, અર્થશાસ્ત્રીઓ અને સામાજિક મુદ્દા સાથે જોડાયેલા નિષ્ણાંતો દ્વારા યુનેસ્કોની દેખરેખ હેઠળ તૈયાર કરવામાં આવે છે. દુનિયાની વસ્તી હાલમાં જે રોકેટ ગતિથી વદી રહી છે તે જોતા તમામને સ્વચ્છ પીવાનુ પાણી ઉપલબ્ધ કરાવવાની બાબત વિશ્વના તમામ દેશો માટે હવે એક મોટા પડકાર તરીકે છે. પૃથ્વીના આશરે ૭૧ ટકા વિસ્તાર પર પાણી છે. પરંતુ આ જળ પૈકી ઉપયોગી જળનુ પ્રાણ માત્ર ત્રણ ટકા છે. હકીતમાં ખુબ ઓછા પ્રમાણમાં જ જળ માનવી માટે ઉપયોગી છે. પાણીની સમસ્યા આજે ભારતના મોટા ભાગના વિસ્તારોમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી ચુકી છે. પાણીને બચાવવા માટેનો એક સરળ તરીકો વરસાદના પાણીને નુકસાન થતા રોકવાનો છે. આ વરસાદી પાણીને સંગ્રહ કરવામાં આવે તે જરૂરી છે. ભારતના કેટલાક ભાગોમાં પાણીની સમસ્યા એટલી ગંભીર બની ગઈ છે કે તેનો લાભ લેવા માટે હવે બહુરાષ્ટ્રીય કંપનીઓ પણ મેદાનમાં આવી ગઈ છે. આજે દેશમાં બોટલમાં ઉપલબ્ધ પાણીનો કારોબાર સતત વધી રહ્યો છે. ચોક્કસપણે આ કોઈ સારા સમાચાર નથી. અંદાજ કહે છે કે ભારતમાં આશરે ૬૫-૭૦ ટકા પાણીનો ઉપયોગ કૃષિ કાર્ય પર ઉપયોગમાં લેવામાં આવે છે. આ ઉપરાંત ઉદ્યોગોમાં પણ જળનો ઉપયોગ સતત વધી રહ્યો છે. સમસ્યા એ ઉભરીને આવી છે કે કૃષિ અને ઉદ્યોગને પુરતા પ્રમાણમાં પામી મળી રહ્યુ નથી. સાથે સાથે સામાન્ય લોકોને પણ પુરતુ પાણી મળી રહ્યુન થી. ભારતને વિકાસશીલ દેશમાંથી વિકસિત દેશ બનાવી દેવામાં જળ સંશાધનનુ પણ એટલુ જ મહત્વ છે જેટલુ મહત્વ ઉર્જા અને અન્ય ક્ષેત્રોનુ છે. પરંતુ જળ સાચવણીનો મુદ્દો કેમ ગંભીરતાપૂર્વક હાથ ધરાતો નથી તે બાબત ગળે ઉતરતી નથી. આ સ્થિતી દેશની ગતિને ધીમી ધીમી પડનાર તરીકે છે. વરસાદના પાણીનેસંગ્રહ કરીને રાખવા અને પ્રદુષિત પાણીને ઉપયોગ કરનાર તરીકે બનાવવાની દિશામાં ગંભીરતાપૂર્વકધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. આવી જ રીતે ભૂગર્ભ જળને પણ પ્રદુષણથી બચાવી લેવાની દિશામાંપહેલ કરવાની જરૂર છે. જરૂર પડવાની સ્થિતીમાં દરિયાઇ જળને સિચાઇના પાણી તરીકે ઉપયોગ કરવાની દિશામાં નવી પદ્ધિતી વિકસિત કરવાની પણ જરૂર છે. જો જળના જતન અને સંગ્રહ માટે કોઇ નક્કર પગલા લેવામાં આવસે નહી તો પાણીનુ સંકટ દેશ માટે સંકટ ઉભા કરી શકે છે. આધનિક સમયમાં દુનિયામાં અનેક દેશ અને ખાસ કરીને વિકાસશીલ દેકોઇને કોઇ જળ સમસ્યાથી ગ્રસ્ત છે. જળ ઍક ગતિશીલ સાધન તરીકે છે. અલબત્ત તેની ઉપલબ્ધતા અને વિતરણ અંગે કોઇ આગાહીવ નિશ્ચિત તરીકેથી કરી શકાય નહી પરંતુ તેની સંભવિત અસરને લઈને ચોક્કસરપણે મુલ્યાંકન કરી શકાય છે.જળ આર્થિક વિકાસ તથા પર્યાવરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. જેથી પાણી અનેક ક્ષેત્રમાં ઉપયોગી છે. જળ સ્તરના ઘટી જવાના અનેક કારણો રહેલા છે. જેમાં વન્ય વિસ્તારોમાં અને ઘાસના મેદાનમાં વારંવાર ફાટી નિકળતી આગની બાબત સામેલ છે. હિમાલિયન ક્ષેત્રો અને અન્ય ક્ષેત્રમાં ખાણની પ્રવતિ પણ જળ સ્તરને ઘટાડી દેવામાં ભૂમિકા ભજવે છે.આ ઉપરાંત વન્ય ક્ષેત્રોને સતત ઓચા કરવાની બાબત પણ સામેલ છે. પાણીનો દુરપયોગ હાલમાં સતત વધી રહ્યો છે. નળ અને પંપના વધતા જતા ઉપયોગનો અર્થ છે કે ભૂગર્ભ જળનો વધારે પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જે હાલ હાલમાં અન્ય. તમામ સંશાધનોનો છે તે હાલ પાણીનો પણ છે.



### ટિપ્સ : હેલ્થકેર એન્જિનિયર બનીને ભવિષ્ય બનાવી શકાય છે

**સસ્તી સારવારની ઇચ્છા રાખી રહેલા દર્દીઓ માટે ભારત છેલ્લા કેટલાક સમયથી મેડિકલ ટ્યુરિઝમ હબ તરીકે છે. આવનાર સમયમાં આરોગ્ય સેવા સાથે જોડાયેલા પ્રોફેશનલ લોકોની માંગ તેજી સાથે વધી રહી છે**

# આરોગ્ય સેવાની માંગમાં વધારો થયો

**શોધ કરનાર લોકો તબીબો, સહાયકો અને રોગીઓની સાથે મળીને કામ કરે છે**

કોરોના કાળના કારણે દેશમાં હવે આરોગ્ય સેવાની માંગમાં વધાર થઈ રહ્યો છે. ભારતમાં હેલ્થકેર એન્જિનિયર બનીને કેરિયર બનાવી શકાય છે. ભારતમાં એમ પણ આરોગ્ય નિષ્ણાંતોની વ્યાપક અછત રહેલી છે. સસ્તી સારવારની ઈચ્છા રાખી રહેલા દર્દીઓ માટે ભારત છેલ્લા કેટલાક સમયથી મેડિકલ ટ્યુરિઝમ હબ તરીકે છે. આવનાર સમયમાં આરોગ્ય સેવા સાથે જોડાયેલા પ્રોફેશનલ લોકોની માંગ તેજી સાથે વધી રહી છે. આને પૂર્ણ કરવા માટે વિદ્યાર્થીઓ માટે હેલ્થકેર એન્જિનિયર પાઠ્યક્રમ એક નવી તક તરીકે છે. ભારતમાં હાલમાં આરોગ્ય સેવાની માંગ વધી રહી છે. આ પાઠ્યક્રમમાં ઉમેદવારને માત્ર પોતાના વિષયને સમજવામાં મદદ મળે છે બલ્કે કારોબાર અને ટેકનોલોજી કુશળતાની સાથે કુશળતા રહે તે જરૂરી છે. શોધ કરનાર આજની પ્રાંસગિક સમસ્યાની ઓળખ કરવા અને તેમને હલ કરવામાં મદદ મળે છે. શોધ કરનાર લોકો તબીબો, સહાયકો અને રોગીઓની સાથે મળીને કામ કરે છે. આ એક બહુ વિષયક વિશેષતાથ ભરેલ છે. જે આરોગ્ય અને એન્જિનિયરિંગ પ્રોફેશનલ બનેને સામેલ કરીને એન્જિનિયરિંગ દ્રષ્ટિકોણના માધ્યમથી આ ક્ષેત્રને આગળ વધારી દેવામાં મદદ મળે છે. હેલ્થકેર એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી હાંસલ કરવા માટે ઉમેદવારને જીવવિજ્ઞાન, ગણિત, ભૌતિકી અને રસાયણ વિજ્ઞાન જેવા વિજ્ઞાન વિષયની સાથે ધોરણ ૧૨ની પરીક્ષા આપવાની હોય છે. હેલ્થકેરમાં એન્જિનિયરિંગ હમેંશા માંગમાં રહે છે. આ એક ખોટી ધારણા છે કે માત્ર એ લોકો જ જે બાયોમેડિકલ અને ક્લીનિકલ એન્જિનિયરિંગમાં અભ્યાસ કરી ચુકેલા ઉમેદવારો જ હેલ્થકેર એન્જિનિયરિગમાં જઈ શકે છે.

અહીં સુધી કે રસાયણિક, નાગરિક, કોમ્પ્યુટર, ઈલેક્ટ્રિકલ પર્યાવરણ, ઔદ્યોગિક સુચના, સામગ્રી, મેકેનિકલ સોફ્ટવેર તેમજ સિસ્ટમ એન્જિનિયરિંગવાળા વિદ્યાર્થી પણ આને પસંદ કરી શકે છે. આ યાત્રિકીના તરીકાના ઉપયોગ કરીને જૈવિક પ્રણાલીની યાત્રિક પાસાની સરંચના , કાર્ય અને ગતિમાં અભ્યાસ કરવામાં આવે છે. જેનેટિક એન્જિનિયરિંગ અને આરોગ્ય સુચના વિજ્ઞાનમાં પણ અભ્યાસ કરવામાં આવે છે. આ કોશિકાના આનુવાશિક મેક અપને બદલવા માટે ઉપયોગ કરવામાં આવતા ટેકનોલોજી અંગે માહિતી મેળવી લેવામા આવે છે. જેમાં પ્રજાતિઓના સુધારા માટે ઉત્પાદન સામેલ છે. તબીબી સાધનો હેઠળ વિદ્યાર્થીઓને એવા સાધનના સંબંધમાં માહિતી હોવી જોઈએ. જે દર્દીને આરોગ્ય સેવા આપવામાં મદદ મળે છે. સાથે સાથે ઉપચાર કરવામાં મદદ મળે છે. બિમારી અથવા તો બિમારીને દુર કરવા માટે મદદ કરે છે. જેના કારણે તેમની લાઈફમાં ગુણવત્તામાં સુધારો થાય છે. વિશ્વ આરોગ્ય સંગઠનના કહેવા મુજબ ઈમરજન્સી એક એવી સ્થિતી છે જેના કારણે સામાન્ય પ્રક્રિયાને અસર થાય છે. તાત્કાલિક રીતે લોકોને આરોગ્યની સુવિધા મળે તે જરૂરી છે. જો તમે આરોગ્ય પડકારોમાં રસ ધરાવો છો તો આરોગ્ય સેવા એન્જિનિયરિગમાં કેરિયર બનાવીને લોકોની મદદ કરી શકાય છે. આ ખુબ માંગમાં છે. ભવિષ્યમાં આરોગ્ય સેવાને વધારે મહત્વ મળનાર છે. મહામારી વિજ્ઞાનમાં અભ્યાસને હવે મહત્વ મળનાર છે. મશીન શિખવા અને ડેટા વિજુઅલાઈઝેનના સંબંધમાં મોડલને ડિઝાઈન કરવામા મદદ મળે છે. સાથે સાથે માન્યકરવામાં મદદ મળે છે. આરોગ્ય સેવાના વર્તમાન સંકટના ગાળા દરમિયાન તેની ઉપયોગિતા વધી શકે છે.



Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



નાસિકમાં પહેલી વાર

# તેજસ એમકે-૧એ ફાઇટર એરક્રાફ્ટ ઉડાન ભરી રહ્યું છે

। નાસિક, તા.૧૭ ।

કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે આજે નાસિકમાં હિન્દુસ્તાન એરોનોટિક્સની નવી ઉત્પાદન સુવિધામાંથી તેજસ એલસીએ એમકે -૧એ ફાઈટર એરક્રાફટનું ઉદ્ઘાટન કર્યું. સંરક્ષણ પ્રધાને એલસીએ એમકે -૧એ માટે ત્રીજી ઉત્પાદન લાઈન અને એચટીટી-૪૦ વિમાન માટે બીજી ઉત્પાદન લાઈનનું પણ ઉદ્ઘાટન કર્યું. તેજસ એલસીએ એમકે -૧એએ આજે પહેલી વાર નાસિકથી ઉડાન ભરી. આ ઉત્પાદન ભારતીય વાયુસેનાની એકંદર તાકાત અને ક્ષમતામાં વધારો કરશે. રાજનાથ સિંહે આજે આ ફાઈટર એરક્રાફટની પહેલી ઉડાન જોઈ.તેજસ ફાઈટર એરક્રાફટનું ઉત્પાદન બેંગલુરુમાં બે નવા પ્લાન્ટમાં થઈ રહ્યું છે, જે વાર્ષિક ૧૬ વિમાનનું ઉત્પાદન કરે છે. નાસિક લાઈન ત્રીજું ઉત્પાદન એકમ છે. ૧૫૦ કરોડથી વધુના રોકાણ સાથે સ્થાપિત આ પ્લાન્ટ વાર્ષિક ધોરણે આઠ વધુ એરક્રાફટ ઉમેરશે, જેનાથી એચએએલની ઉત્પાદન ક્ષમતા દર વર્ષે ૨૪ વિમાન થશે.ઉદઘાટન સમારોહમાં બોલતા કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે નાસિકની આ ભૂમિ માત્ર શ્રદ્ધાનું પ્રતીક નથી, પરંતુ આત્મનિર્ભર ભારત અને ક્ષમતાનું પણ પ્રતીક છે. એક તરફ, અહીં શ્રદ્ધા છે, જ્યારે બીજી તરફ, નાસિકમાં સ્થિત હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડનું ભવ્ય કેમ્પસ રાષ્ટ્રની સંરક્ષણ શક્તિના પ્રતીક તરીકે ઊભું છે. સિંહે કહ્યું, "આજે, જ્યારે મેં નાસિક ડિવિઝનમાં ઉત્પાદિત સુખોઈ-૩૦, એલસીએ અને એચટીટી-૪૦ વિમાનોની ઉડાન જોઈ.

હરિઓમને ૨ ઓક્ટોબરના રોજ રાયબરેલીના ઉંચાહારમાં ટોળાએ ચોર સમજીને માર માર્યો હતો

# કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી ફતેહપુરમાં હરિઓમ વાલ્મીકિના પરિવારને મળ્યા

## રાહુલ ગાંધીએ સંવેદના વ્યક્ત કરી અને પરિવારના સભ્યોના હાથ પકડ્યા. હૃદયસ્પર્શી મુલાકાત દરમિયાન રાહુલે હરિઓમના પિતાને પણ ગળે લગાવ્યા

। ફતેહપુર, તા.૧૭ ।

યુપીના ફતેહપુર જિલ્લાના વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી રાયબરેલીના ઊંચહારમાં મોબ લિંચિંગનો ભોગ બનેલા હરિઓમ વાલ્મિકીના પરિવાર સાથે લાંબા સમય સુધી મળ્યા. આ મુલાકાત દરમિયાન હરિઓમનો પરિવાર ભાવુક થઈ ગયો. પુત્ર હરિઓમને ગુમાવ્યા બાદ પરિવાર આઘાતમાં છે.



રાહુલ ગાંધીએ સંવેદના વ્યક્ત કરી અને પરિવારના સભ્યોના હાથ પકડ્યા. હૃદયસ્પર્શી મુલાકાત દરમિયાન રાહુલે હરિઓમના પિતાને પણ ગળે લગાવ્યા. કોંગ્રેસ નેતા સામે હરિઓમની માતા રડી પડી. રાહુલે તેમનો હાથ પકડીને તેમને સાંત્વના આપી. જ્યારે કોંગ્રેસ નેતા હરિઓમના ઘરે પહોંચ્યા, ત્યારે શોકગ્રસ્ત પરિવાર આઘાતમાં હતો. રાહુલ ગાંધીએ હરિઓમના પિતાનો હાથ જ નહીં પણ તેમને ગળે પણ લગાવ્યા. હરિઓમની માતા સામે રાહુલ ગાંધી પણ ભાવુક થઈ ગયા.

હરિઓમની માતા રાહુલ ગાંધી સામે રડી પડી, તેમના પુત્રના મૃત્યુ પર દુઃખ વ્યક્ત કર્યું. કોંગ્રેસ નેતાએ તેમનો હાથ પકડીને તેમને શાંત પાડ્યા. રાહુલ ગાંધીએ પરિવારને દરેક પગલા પર ન્યાય અને સમર્થન આપવાની ખાતરી આપી. ૨ ઓક્ટોબરના રોજ, ઉત્તર પ્રદેશના રાયબરેલી જિલ્લાના ઊંચહારમાં, હરિઓમ વાલ્મિકીને એક ટોળાએ ચોર સમજીને ક્રૂરતાથી માર માર્યો હતો. મોબ લિંચિંગની ઘટનાએ સમગ્ર દેશને આઘાત પહોંચાડ્યો હતો. એવું કહેવાય છે કે હરિઓમે મારપીટ દરમિયાન પોતાનું નામ અને સરનામું જાહેર કર્યું હતું. તેમણે પોતાના અંતિમ શ્વાસમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનું નામ પણ લીધું હતું. ત્યારબાદ આ મુદ્દાએ રાજકીય વળાંક લીધો. યુપી ન્યૂઝ રાહુલ ગાંધી ફતેહપુરમાં હરિઓમ વાલ્મિકીના માતા-પિતાને મળ્યા, સાંત્વના પાઠવી

રાયબરેલીમાં ૨ ઓક્ટોબરના રોજ કથિત રીતે માર મારવામાં આવેલા હરિઓમ વાલ્મિકીના પરિવારને મળ્યા બાદ, કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું, "થોડા દિવસો પહેલા, એક દલિત અધિકારીએ આત્મહત્યા કરી હતી. હું ત્યાં ગયો હતો અને આજે હું અહીં છું. આ પરિવારે ગુનો કર્યો નથી; તે તેમની સામે કરવામાં આવ્યો છે, અને એવું લાગે છે કે તેઓ ગુનેગાર છે. તેઓને તેમના ઘરમાં બંધ કરવામાં આવ્યા છે, તેમને ડરાવવામાં આવી રહ્યા છે. તેઓ ફક્ત ન્યાયની માંગ કરી રહ્યા છે. અમારા પુત્ર, અમારા ભાઈની હત્યા કરવામાં આવી છે. તેની હત્યા કરવામાં આવી છે. અમે ફક્ત ન્યાયની માંગ કરી રહ્યા છીએ."

## સિંગાપોર પોલીસે ઝુબીન ગર્ગના કેસને પડકાર્યો, અત્યાર સુધી કંઈ ખોટું નથી કહ્યું

। નવીદિલ્હી, તા.૧૭ ।

ગાયિકા ઝુબીન ગર્ગના મૃત્યુ અંગે એક મોટી અપડેટ સામે આવી છે. સિંગાપોર પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે અને તાજેતરમાં જ જનતાને અપીલ કરી છે. પોલીસે સતત અફવાઓના જવાબમાં આ પગલું ભર્યું છે. ઝુબીન ગર્ગના મૃત્યુની તપાસ કરતી વખતે સિંગાપોર પોલીસે કોઈપણ ગેરરીતિ હોવાની શક્યતાને નકારી કાઢી છે. ૧૯ સપ્ટેમ્બરના રોજ દરિયામાં તરતા સમયે આસામી ગાયકનું મૃત્યુ થયું હતું. ગેરરીતિના આરોપોને કારણે આસામ અને સિંગાપોર બંને પોલીસ અધિકારીઓએ તપાસ શરૂ કરી હતી. અસંખ્ય અફવાઓ અને અટકળોને કારણે સિંગાપોર પોલીસે કડક પગલાં લેવા અને સ્પષ્ટતા જારી કરવા પ્રેર્યા હતા.એકસ પર એક પોસ્ટમાં લખ્યું છે કે, "સિંગાપોર પોલીસ ફોર્સ શ્રી ઝુબીન ગર્ગના મૃત્યુની સંપૂર્ણ અને વ્યાવસાયિક તપાસ કરવા માટે પ્રતિબદ્ધ છે. અમે જનતાને અનુમાન ન કરવા અથવા અપ્રમાણિત માહિતી ફેલાવવા માટે વિનંતી કરીએ છીએ. સંપૂર્ણ એસપીએફ નિવેદન નીચે આપેલ છે."સિંગાપોર પોલીસે જારી કરેલા નિવેદનમાં પાંચ મુદ્દાઓમાં બાબતો સ્પષ્ટ કરવામાં આવી છે. તેમાં લખ્યું છે કે, "ઝુબીન ગર્ગના મૃત્યુની તપાસ અંગે સિંગાપોર પોલીસ ફોર્સનું નિવેદન - સિંગાપોર પોલીસ ફોર્સ ઝુબીન ગર્ગના મૃત્યુની પરિસ્થિતિઓ અંગે ઓનલાઈન ફરતી અટકળો અને ખોટી માહિતીથી વાકેફ છે.

## તેલંગાણામાં હવે બે કરતાં વધુ બાળકો ધરાવતા ઉમેદવારો પણ ચૂંટણી લડી શકશે

। હૈદરાબાદ, તા.૧૭ ।

તેલંગાણા કેબિનેટે બે કરતાં વધુ બાળકો ધરાવતા લોકોને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠેરવતા નિયમને સૈદ્ધાંતિક રીતે દૂર કરવાનો નિર્ણય લીધો છે. ગુરુવારે મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા, મહેસૂલ મંત્રી પી. શ્રીનિવાસ રેડ્ડીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે કોંગ્રેસ સરકારના બે વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે ૧ થી ૯ ડિસેમ્બર દરમિયાન 'પ્રજા પાલન-પ્રજા વિજયોત્સવમ' ઉજવણીનું આયોજન કરવાનો નિર્ણય લીધો છે.મંત્રીએ કહ્યું, "કેબિનેટે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી લડવા માટે બે કરતા વધુ બાળકો ધરાવતા ઉમેદવારો પરનો પ્રતિબંધ હટાવવા પર પુનર્વિચાર કર્યો. જ્યારે વસ્તી નિયંત્રણના પગલાં કડક રીતે લાગુ કરવામાં આવી રહ્યા છે, ત્યારે પ્રતિબંધ લાગુ કરવાની કોઈ જરૂર નથી. મંત્રીમંડળની બેઠકમાં આવો મત વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેથી, કેબિનેટે પ્રતિબંધ હટાવવા માટે સૈદ્ધાંતિક રીતે સંમતિ આપી."બેઠકે ત્રણ નવી કૃષિ કોલેજોની સ્થાપનાને મંજૂરી આપી, જે હુઝુરનગર, કોડંગલ અને નિઝામાબાદમાં સ્થિત હશે. હૈદરાબાદ મેટ્રો રેલના વિસ્તરણ કાર્યને ઝડપી બનાવવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો.

મહારાજા રણબીર સિંહના શાસનકાળ દરમિયાન ૧૮૭૨ માં શરૂ થયેલી આ પરંપરા સ્વતંત્રતા પછી પણ ચાલુ રહી

# સીએમ ઓમર અબ્દુલ્લાએ ૪ વર્ષ પછી દરબાર મુવ પરંપરા પુનઃસ્થાપિત કરવાની જાહેરાત કરી

## લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાના નેતૃત્વ હેઠળના વહીવટીતંત્રે ૩૦ જૂન, ૨૦૨૧ ના રોજ આ પરંપરા નાબૂદ કરી । એવો દલીલ કરવામાં આવી હતી કે આનાથી કરોડો રૂપિયા બચ્યા

। જમ્મુ, તા.૧૭ ।

